સિવિલ હોસ્પિટલમાં ડીજીટલ એકસ-રે બંધ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક અઠવાડીયાથી ડીજીટલ એકસ-રે બંધ હાલતમાં છે. ડીજીટલ એકસ-રે માટે જરૂરી ફિલમ નહી હોવાથી હાલના સમયે ડીજીટલ એકસ-રે પાડવામાં આવતા નથી. પાટનગરની સિવિલમાં ડીજીટલ એકસ-રે ની કામગીરી બંધ હોવાથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે ડીજીટલ એકસ-રે ની સુવિધા ઝડપી શરુ થયા તેવી માંગ દર્દીઓ કરી રહ્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર હોસ્પિટલમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. અત્યારે હાલના સમયે સિવિલમાં કોરોનાના દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે કોરોના વાયરસથી દર્દીને કેટલુ નુકશાન થવા પામ્યું છે તે માટે ડોકટર દ્વારા છાતીનો અને ફેંફસાનો ડીજીટલ એકસ કરાવે છે. આ એકસ-રે થી દર્દીને કોરોના થી ફેંફસામાં કેટલું નુકશાન થયું છે તે જાણી શકે છે. ત્યારબાદ દર્દીને સ્વસ્થ થાય તે માટે જરુરી સારવાર અને દવાઓ આપવામાં આવે છે. ત્યારે ડીજીટલ એકસ-રે બંધ હોવાથી દર્દીઓને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. સિવિલ તંત્ર દ્વારા એકસ-રે ના મટીરીયલ અંગે ઉચ્ચકક્ષાએ માંગણી કરી હોવા છતા સ્ટોક આવતો નથી. હાલના સમયે રાજયના નાગરીકોના આરોગ્યને લઈ આરોગ્ય વિભાગ ચિંતિત નજરે પડી રહ્યું છે. કોરોનાની મહામારીને લઈ સતત સાવચેતી રાખવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે પાટનગરની હોસ્પિટલમાં જ કોરોના દર્દીઓ માટે અતિ ઉપયોગી ડીજીટલ એકસ-રે મશીન બંધ હોવાથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે સચિવાલયથી ગણતરીના અંતરે આવેલી સિવિલમાં ડીજીટલ એકસ-રે ક્યારે શરુ થશે.

શહેરમાં વધતી ઠંડી : પારો ૧૩ ડિગ્રીએ પહોંચ્યો

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ જ તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો થઈ રહ્યો છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૨ ડિગ્રી જેટલુ ઘટીને ૧૩ ડિગ્રી નોંધાયુ છે.

ડિસેમ્બર નજીક આવતા ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. તાપમાન ઘટતાં વસાહતીઓ ઠંડીનો તીવ્ર અનુભવ કરી રહ્યાં છે. વાતાવરણમાં ઠંડક વધતા વસાહતીઓ ઘરમાં પુરાઈ રહેવાનુ પસંદ કરી રહ્યાં છે. છેલ્લા બે-ત્રણ દિવસથી પવનની ગતિ વધુ રહેતાં ઠંડીનો અનુભવ વધુ થઈ રહ્યો છે. શિયાળાની મોસમ શરૂ થતાં જ દિવસ મોડો ઉગે છે. જેના કારણે છેક નવ વાગ્યા સુધી તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. તડકો નીકળે પછી જ ઠંડીમાં સહેજ રાહત અનુભવાય છે. પવન વધુ રહેતા ઘરની બહાર નીકળતા સમયે ટોપી કે રૂમાલ બાંધવાની જરૂરીયાત રહે છે. બાળકો અને વડીલોને તો ઘરમાં પણ ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત રહે છે. હવામાન વિભાગે હજુ એક દિવસ પહેલા જ ઠંડી વધવાની આગાહી કરી હતી. ઉત્તર ભારતના ઘણાં વિસ્તારોમાં બરફવર્ષા થઈ હોવાથી આગામી દિવસોમાં હજુ ઠંડીનો પારો ગગડવાની આગાહી છે. આગાહી મુજબ જ એક જ દિવસમાં ઠંડીનો પારો બે ડિગ્રી જેટલો ગગડ્યો છે. હજુ ગઈકાલે જ ઠંડીનો પારો ૧૫ ડિગ્રી નોંધાયો હતો જે બે ડિગ્રી જેટલો ગગડીને ૧૩ ડિગ્રીએ પહોંચી ગયો છે.

પવનની ગતિ જ બીજી ડિસેમ્બર સુધી ગાંધીનગરાઓને ધ્રુજાવતી રહેશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૨જી ડિસેમ્બર સુધી પવનનું જોર ગાંધીનગરાઓને ધ્રુજાવતુ રહેશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં આ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

૨૮મીથી ૨જી ડિસેમ્બર સુધીના પાંચ દિવસ માટેની આગાહી કરતાં બુલેટીનના અંક નં. ૬૮ માં જણાવવામાં આવ્યુ છે કે આ દિવસો દરમ્યાન મહત્તમ તાપમાન ૩૨-૩૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૪-૧૬ ડિગ્રી સે. રહેવા સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૧૭ થી ૪૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની ગતિ સરેરાશ ૧૧ થી ૧૮ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવનાઓ છે.

જિલ્લામાં સુકુ અને ઠંડુ વાતાવરણ હોવાથી ખેડૂતોને સમયસર વાવણીનો આગ્રહ કરવામાં આવ્યો છે.

સોજા ખાતે પંચાયતભવનમાં કોરોના ટેસ્ટીંગનો કેમ્પ યોજાયો હતો. વિવિધ લક્ષણો ધરાવતા ૭૫ જેટલા ગ્રામજનોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે પૈકી ૬ ગ્રામજનોના ટેસ્ટ પોઝીટીવ આવ્યા હતા એમ જિલ્લા પંચાયતના સદસ્ય જયેશ ચૌધરીએ માહિતી આપી હતી.

ખૂણેખાંચરેથી

- જિલ્લામાં આજે સતત બીજા રવિવારે મતદારયાદી સુધારણા અભિયાન હાથ ધરવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં આજે છેલ્લા શનિવારની રજા હોવાથી લોકોએ કોરોનાના કહેરથી બચવા આજે ઘરમાં જ દિવસ પસાર કર્યો હતો એટલુ જ નહિ શહેરમાં ટ્રાફિક પણ હળવો રહ્યો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આ વખતે ચિકનગુનિયાના કેસો દેખાયા છે. ડેન્ગ્યુના કેસો અને મેલેરિયાના કેસો છુટા છવાયા મળ્યા છે. શહેરમાં ચિકનગુનિયાના કેસો વધુ નોંધાયા છે.
- જિલ્લા સ્કિલ ડેવલપમેન્ટ કમિટીની બેઠક બીજી ડિસેમ્બરના રોજ કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષપદે મળશે.
- ગાંધીનગર શહેરમાં ૧૧ હજાર જેટલા કુતરાઓનું ખસીકરણ અને રસીકરણ અત્યાર સુધીમાં કરાયુ હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પર પણ હવે એન્ટીજન ટેસ્ટની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોને તાલિમ પણ આપવામાં આવી છે.
- આજે પહેલીવાર રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્યપાલશ્રી પ્રધાનમંત્રીની ગુજરાતની મુલાકાતે આવ્યા ત્યારે તેમના સ્વાગત માટે હાજર ન હતા.

ચરાડા ગામમાંથી આઈપીએલ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા વિસ્તારમાં એલસીબી ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચરાડા ગામમાંથી આઈપીએલ ક્રિકેટ મેચ મોબાઈલ એપ્લીકેશન થી સટ્ટો રમતા યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે યુવક પાસેથી રોકડા રૂ.૧૦,૨૨૦ તેમજ મોબાઈલ ફોન કિં.૧૨ હજાર મળી કુલ રૂ.૨૨,૨૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતો તે સમયે હે.કો અનુપસિંહ તેમજ પો.કો.જીગ્નેશકુમારને સટ્ટા અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ પાડતાચરાડા ગામે સહકારીરમંડળી પાસે આવેલી મોબાઈલ રીપેરીંગની દુકાન આગળથી એક યુવકને પકડી પાડ્યો હતો.

પોલીસે યુવકનું નામ પુછતા તે ચરાડા ગામમાં આવેલ ગાયત્રીનગર પરા વિસ્તારમાં રહેતો મિતેશ શૈલેષભાઈ પટેલ હોવાનું ધ્યાને આવ્યું હતું. યુવકનો ફોન ચેક કરતા તે હૈદરાબાદ અને દિલ્હી વચ્ચે ચાલી રહેલી મેચ પર ક્રિકેટના સોદા પાડતો હતો. પોલીસે યુવકની પુછતાછ કરતા તે અમદાવાદ હીરાવાડીના ડોકટર રવિ નામના શખ્સ સાથે મળી સટ્ટા રમાડતો હતો. આઈપીએલ મેચના પ્રાંરભથી તેને રોજ વિવિધ યુઝર આઈડી મળતા હતા.જે તે ગ્રાહકોને આપતો હતો.હારજીતના પૈસા તે ડોકટર રવિની જણાવેલી જગ્યાએ પહોંચાડતો હતો. જેથી એલસીબીએ આરોપી પાસેથી ૧૨ હજારનો ફોન અને રોકડ રૂ.૧૦,૨૨૦ મળી કુલ રૂ. ૨૨,૨૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એલસીબી પોલીસે બંન્ને આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપીના જામીનદાર શખ્સે ખોટા દસ્તાવેજ રજુ કરતા ફરીયાદ

ગાંધીનગર કોર્ટમાં ચાલી રહેલા ૪૯૮ ના કેસમાં આરોપીના જામીનદાર તરીકે આવેલા વ્યકિતએ બોગસ દસ્તાવેજ રજુ કરતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ગાંધીનગર ચીફ જુયડીશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના ડેપ્યુટી રજીસ્ટ્રાર એમ.ડી.બ્રહ્મભટ્ટે આ અંગે લેખિત ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે કરી છે. જે મુજબ ૪૯૮ ના કેસમાં આરોપીના જામીનદાર તરીકે મહેસાણાના સાહરભાઈ લેબાભાઈ દેસાઈ (ઉંડી ફળી ઠાકોર વાસ) આવ્યા હતા. જેથી અમોએ જામીનદારના એફીડેવીટ જુનિયર કલાર્ક ને અને ત્યારબાદ જજ સમક્ષ રજુ કરી હતી. જામીન માટે જામીનદારે રજુ કરેલો દારપણાનો દાખલો શંકાસ્પદ લાગતા કોર્ટના સ્ટાફ દ્વારા બેચરાજી મામલતદાર ઓફિસ ખાતે સંપર્ક કરતા દાખલો તેમની કચેરીમાંથી ઈશ્યુ થયો ન હોવાનું જાણવા મળ્યું હતું. જેને અનુલક્ષી કોર્ટ દ્વારા બેચરાજી મામલતદાર અને રાંતેજ તલાટીકમ મંત્રી ને ઈમેલ દ્વારા જાણ કરવામાં આવી હતી. જેના જવાબમાં પણ બંને તરફથી દાખલો ઈશ્યુ થયો ન હોવાની વાત સામે આવી હતી. જેને પગલે આ અંગે પ્રિસાઈડીંગ ઓફિસર ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ દ્વારા આ બાબતે ફરીયાદ દાકળ કરવા હુકમ કર્યો હતો. જેથી આરોપી સામે કોર્ટમાં ખોટા દસ્તાવેજોના આધારે છેતરપિંડી કરવા અને સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.જેથી પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને આરોપીએ ખોટો દસ્તાવેજ કઈ રીતે તૈયાર કર્યો તે દિશામાં આગળની કાર્યવાહી શરુ કરી છે.

મંત્રી જયેશ રાદડિયા ભૂલ્યા કોરોના, નિયમોના ઉડાડ્યા ધજાગરા

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત રાજ્યમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને લઈને તંત્ર એકશનમાં આવી ગયું છે. સાથે પોલીસ તંત્ર દ્વારા પણ જાહેરમાં માસ્ક વગર ફરનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરી રહી છે. પરંતુ શું આ નિયમો સામાન્ય નાગરિકો માટે જ છે. નેતાઓ, મંત્રીઓ ખુલ્લેઆમ ફરી શકે છે? હાલ સરકારની ગાઈડલાઈનના પાલન ન કરવા બદલ મંત્રી જયેશ રાદડિયાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમા તેમણે ન તો માસ્ક પહેર્યુ છે અને ન તો સોશિયલ ડિસ્ટન્સનું પાલન કર્યું છે અને બિન્દાસ્ત ગરબે ઘૂમી રહ્યા છે.

સમગ્ર મામલે મળતી માહિતી અનુસાર તંત્રને શરમસાર કરતો એક વીડિયો સામે આવ્યો છે. જેને જોઈને તમને પણ પ્રશ્ન થશે કે સરકારના નિયમો ફક્ત સામાન્ય નાગરિકો માટે જ છે. નેતાઓ, મંત્રીઓ કે સરકારી બાબુઓને આ નિયમો સાથે કોઈ લેવા દેવા નથી. ગુજરાતના મંત્રીઓને કાયદો નડતો નથી, ગરબા પર રાત્રિ સમયે પ્રતિબંધ હોવા છતાં ગરબા મંત્રી જયેશ રાદડિયા ગરબે ગુમી રહ્યા છે.

ફિલ્મ હેલ્લારોમાં અભિનેત્રી અને ડાન્સર ભૂમી પટેલનું નિધન

બોલિવૂડ બાદ ગુજરાત ફિલ્મ ઉદ્યોગને પણ આંચકો : લોકપ્રિય ફિલ્મમાં ગરબામાં ડાન્સર તરીકે ભૂમિકા નિભાવનારાં અભિનેત્રીને અનેક એવોર્ડ મળ્યા હતા

ગાંધીનગર, તા.૨૮

૨૦૨૦નું વર્ષ વિશ્વ માટે તો ઘણું જ કપરું સાબિત થઈ જ રહ્યું છે. આ સાથે જ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ એક પછી એક માઠા સમાચાર સામે આવી રહ્યાં છે. તાજેતરમાં જ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ મહેશ-નરેશ જેવી સુપરસ્ટાર જોડીને ગુમાવી તો ત્યારબાદ થોડા દિવસો પછી આશિષ કક્કડ જેવા ટેલેન્ટેડ કલાકારને ગુમાવ્યા. હવે ફરી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર આભ તૂટી પડ્યું છે. હેલ્લારોમાં ડાન્સર રહેલા અને પોતાની અભિનય ક્ષમતાનો પરચો આપનાર ભૂમિ પટેલના નિધનથી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી શોકમાં ગરકાવ થઈ છે.

નેશનલ એવોર્ડ મેળવીને દેશ-વિદેશમાં પોતાનો ડંકો વગાડનાર ફિલ્મ હેલ્લારોના સમગ્ર ટીમ મેમ્બર્સને ત્યારે આંચકો લાગ્યો હતો જ્યારે તેમને એ સમાચાર મળ્યા કે તેમની એક ટીમ મેમ્બર ભૂમિ પટેલ હવે તેમની વચ્ચે નથી રહ્યાં. હેલ્લારોમાં કામ કરનાર મુખ્ય એક્ટ્રેસિસમાંથી એક નિલમ પાંચાલે ભૂમિ પટેલને શ્રદ્ધાંજલિ પાઠવતા લખ્યું હતું કે,×બસ...દર મહિને આપણે પ્લાન બનાવતા જ રહી ગયા...અમને વિશ્વાસ નથી થતો કે તું અમારી વચ્ચે નથી. અમે તને ખૂબ જ મિસ કરીશું ભૂમિ...રીપ× આ સાથે જ તેમણે પોસ્ટમાં માહિતી આપી હતી કે ભૂમિ પટેલ છેલ્લા એક મહિનાથી કેન્સર સામે લડી રહ્યાં હતાં. હેલ્લારોમાં કામ કરનાર એક્ટ્રેસ કૌશાંબી ભટ્ટે શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું હતું કે,બહુ જ નાની ઉંમરની અને ગ્રેસફૂલ ડાન્સ કરતી ભૂમિના જવાથી ખૂબ જ દુ:ખ થયું છે. ટેલેન્ટેડ અને મિલનસાર સ્વભાવ ધરાવતી ભૂમિને બ્લડ કેન્સર હોવાની માહિતી મળી હતી. તેઓ ખૂબ સારા ફાઈટર હતાં અને કેન્સર સામે લડત આપી હતી. ૨૦૨૦ ખૂબ જ ખરાબ રહ્યું છે. ભગવાન તેમના માતાપિતા અને પરિવારને આ દુ:ખમાંથી બહાર નીકળવાની શક્તિ આપે. હેલ્લારોમાં ભૂમિ પટેલ સાથે કામ કરનાર ફિલ્મ એક્ટ્રેસ તરજાની ભાડલાએ દુ:ખ સાથે જણાવ્યું હતું કે, મેં ભૂમિ સાથે વધારે કામ નથી કર્યું પરંતુ જેટલો સમય સાથે વિતાવ્યો છે તે ખૂબ જ યાદગાર રહ્યો હતો. આવી સારી વ્યક્તિનું આપણી વચ્ચેથી અચાનક વિદાય લેવી તે અસહ્ય છે. જ્યારે મને સમાચાર મળ્યા ત્યારે પહેલા તો માનવામાં જ ન આવ્યું એ ખૂબ જ કપરો સમય હતો.

હેલ્લારોમાં સંગીત આપનાર સંગીતકાર મેહુલ સુરતીના જણાવ્યાનુસાર, ભૂમિ પટેલ હેલ્લારોમાં ગ્રૂપ ડાન્સર હતાં. તેઓ સરળ અને સાલસ સ્વભાવના હતાં. તેમની અચાનક વિદાય થઈ તે માનવામાં જ નથી આવતું. જ્યારે અમને સમાચાર મળ્યા ત્યારે પહેલા તો વિશ્વાસ જ થતો નહોતો.' આ સાથે જ તેમણે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

હેલ્લારોમાં પોતાની ડાન્સ પ્રતિભાનો પરચો આપનાર ભૂમિ પટેલને અનેક એવોર્ડ્સ પણ મળી ચૂક્યાં છે. ભૂમિ પટેલ ટેલેન્ટેડ હોવાની સાથે જ મહત્વકાંક્ષા ધરાવનાર વ્યક્તિ હતાં. તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી જ એ વાતની સાબિતી મળે છે. તેમના એકાઉન્ટમાં એવોર્ડ્સની તસવીર શેર કરીને ભૂમિ પટેલે એવું લખ્યું હતું કે મેની મોર ટૂ કમ... જોકે, તેમની ઈચ્છા પૂરી થાય એ પહેલા જ તેમણે અલવિદા કહ્યું હતું. જેથી સાથી કલાકારો ગમગીન છે. ભૂમિ પટેલને 'એક્સલન્સ ઈન કલ્ચરલ એક્ટિવિટીઝ ૨૦૧૧-૧૨', ગરબા અને ફોક ડાન્સ માટે એવોર્ડ, ડ્રામા રનર અપ, એક્સલન્ટ અચિવમેન્ટ ૨૦૧૩ સહિતના અનેક એવોર્ડ મળ્યા હતાં.

સેકટર-૬ એ ખાતે ધનવંતરી રથ દ્વારા આરોગ્ય ચકાસણી કરાઈ

શહેરના સેકટર-૬ એ ખાતે ધનવંતરી રથની ટીમ આવી પહોંચી હતી. આ ટીમ દ્વારા તમામ નાગરીકોનું ટેમ્પરેચર માપવામાં આવ્યું હતું. ત્યારબાદ જે નાગરીકોને શરદી-ખાંસી કે તાવ હોય તેની દવા આપવામાં આવી હતી. જયારે ધનવંતરી રથની આસપાસના વિસ્તારમાં કોરોના પોઝીટીવ કેસ હોય તેના પરિવારજનોનું સ્ક્રીનીંગ પણ ટીમ દ્વારા કરવામાં આવે છે. ત્યારે સેકટર-૬ એ માતાજીના મંદિર પાસેના વસાહતીઓમાં નાના બાળકથી લઈ મોટી ઉંમરના વડીલોએ પણ આરોગ્યની ચકાસણી કરાવી હતી.

ઘરમાં રહો સુરક્ષિત રહો

કોલવડા મંદિરમાં ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

લોકડાઉન દરમિયાન ગાંધીનગર શહેર નજીક આવેલા કોલવડા ગામના ગોગા મહારાજ અને જોગણી માતાના મંદિરમાં ચોરી કરનાર આરોપીને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી મંદિરમાંથી ચોરી કરેલા સોના-ચાંદીના દાગીના વેચવા માટે સેકટર-૨૪ ખાતે ફરી રહ્યો હતો તે સમયે પોલીસે તેને દબોચી લીધો છે. આ અગાઉ પણ આરોપીએ ત્રણ મંદિરમાં પત્ની સાથે મળીને ચોરીને અંજામ આપ્યો હતો.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમ કાર્યરત હતી તે સમયે કોન્સ્ટેબલ જીગ્નેશકુમારને આરોપી અંગે બાતમી મળી હતી. જેમાં મંદિર ચોરીના ગુનામાં ઝડપાયેલ ચંદ્રકાંત ઉર્ફે મુન્નો વિનોદભાઈ પરમાર (રહે.સ્વામીનારાયણ પાર્ક નવા નરોડા)ને સેકટર-૨૪ ખાતે સોના-ચાંદીના દાગીના વેચવા માટે ફરી રહ્યો છે. જેને પગલે એલસીબી પોલીસે તેને આર્ય સમાજ પાસેથી પકડી પાડયો હતો. પોલીસે થેલીમાં તપાસ કરતા ચાંદીના બે છત્તર, પાટ, રણી મળી કુલ રૂ. ૨,૦૮,૪૯૭ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીની પુછતાછ કરતા તેણે કોલવડા ગામના બે મંદિરમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેમાં ગત તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ આરોપી પત્ની ગીરા સાથે મળીને કોલવડા આશાપુરાનગર સોનીપુર માર્ગ પર આવેલા ગોગા મહારાજના મંદિરમાંથી ૯૦ હજારના સોનાના બે નાના છત્તરની ચોરી કરી હતી. ત્યારબાદ માર્ચ માસમાં ફરીવાર પત્ની સાથે મળીને કોલવડાના જોગણી માતાના મંદિરમાંથી રૂ.૨,૧૮, ૭૫૦ ની કિંમતના ચાંદીના નાનામોટા છત્તર, ચાંદીની પાદુકા, પાયણા, લક્ષ્મીજીની મૂર્તિ, ચાંદીનો ગરબો, ચાંદીનો ગ્લાસ સહિતના આભુષણોની ચોરી કરી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICE
સુવિધાઓ
• આઈ.સી.યુ.ની સુવિધા • 2D Echo
• અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
• સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
• એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
• મેડીકલેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) — ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
• ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર • આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
• દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
• હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
• હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
• ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર • હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ • અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
• કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
• મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮